Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ




શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર - ૩૬૪૦૦૧

આત્મ સંવત : ૩૫/૩૬
વીર સંવત : ૨૪૫૬/૫૭
વિક્રમ સંવત : ૧૯૮૬/૮૭.
પુસ્તક : ૨૮

સને :

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષયાનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ માફી. | ...( સંઘવી વેલચંદ ધનજી ) ... ... ... | ૨૯ |
| ૨ બાજી બધી ઉંધી વળે. | ...( છગનલાલ ન્હાનચંદ નાણાવટી ) ... ... | ૩૦ |
| ૩ ગૃહસ્થનો સામાન્ય ધર્મ. | ...( આત્મવલ્લભ ) ... ... ... ... | ૩૧ |
| ૪ ભાવનાનું બળ. | ...( કસ્તુરચંદ હેમચંદ દેશાઇ ) ... ... | ૩૩ |
| ૫ જગતમાં જો શાંન્તિ કયાંય હોય તો દુઃખીઓના અશ્રુ લુંછવામાં છે. | ( એકમુનિ ) | ૩૫ |
| ૬ તમારી જીંદગી તમે વાંચો. | ... ... ... ( ,, ) | ૩૭ |
| ૭ સંગ્રહીત સૂક્ત વચનો. | ... ( મુનિ૦ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.) ... | ૩૮ |
| ૮ નય રેખા દર્શન પ્રશ્નોત્તરાવલી. | ( શંકરલાલ ડાયાભાઇ કાપડીયા )... ... | ૪૧ |
| ૯ શ્રી કળીકાલ સર્વ શ્રી હેમચંદ્રાચાર્ય ગુણવર્ણન. | (સદ્ગત આચાર્યશ્રી અજીતસાગરસૂરિ.) | ૪૫ |
| ૧૦ સમવસરણ રચના. | ...( માસિક કમીટી ) ... ... ... | ૪૭ |
| ૧૧ અધ્યાત્મવાદ... | ...( વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ ).. ... ... | ૪૯ |
| ૧૨ સ્વીકાર અને સમાલોચના... | ( માસિક કમીટી ). ... ... ... | ૫૧ |
| ૧૩ વર્તમાન સમાચાર. | ... ... ... ... ... ... | ૫૨ |



## શ્રીપાળ મહારાજનો રાસ.

શ્રી નવપદજી મહારાજનો મહિમા અપૂર્વ છે, જે કોઇ પણ જૈન તે માટે અજાણ નથી. ચૈત્ર માસ અને આશો માસમાં આવતા ઓળી–આયંબીલ તપ કરી શ્રી નવપદજી માહારાજની આરાધના કરાય છે. તે અઠ્ઠાઇના દિવસોમાં શ્રી નવપદજી મહારાજનું અપૂર્વ મહાત્મ્ય જેમાં આવેલ છે, તેવા શ્રીપાળ મહારાજનું અદ્‌ભુત ચરિત્ર તેનો રાસ જે વંચાય છે તે મૂળ તથા તેનું સરલ ગુજરાતી ભાષાંતર સર્વ કોઇ સમજી શકે તેવી ગુજરાતી ભાષામાં આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પાના ૪૬૦ પાકું કપડાનું બાઇડીંગ સુંદર ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ છે, આશો શુદ ૧૫ પુર્ણીમા સુધીમાં લેનારને બે રૂપીયા ( પોસ્ટેજ જુદું ) ની કિંમતે આપવામાં આવશે.

લખો—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


---

**સુચના**—આ માસિકમાં આવતા લેખો માટે તેના લેખક જવાબદાર છે અને તે માંહેની હકીકત માટે અમો સમ્મત જ હોઇએ તેમ માનવાનું નથી.

( માસિક કમીટી. )

ભાવનગર ધી "આનંદ" પ્રીન્ટીંગ પ્રેસમાં–શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यदुत भो भद्राः सद्धर्मसाधनयोग्यत्वमात्मनोऽभिलषद्भिर्भव-द्भिस्तावदिदमादौ कर्तव्यं भवति यदुत सेवनीया दयालुता न विधेयः परपरिभवः मोक्तव्या कोपनता वर्जनीयो दुर्जनसंसर्गः विरहितव्यालीकवादिता अभ्यसनीयो गुणानुरागः न कार्या चौर्यबुद्धिः त्यजनीयो मिथ्याभिमानः वारणीयः परदाराभिलाषः परिहर्तव्यो धनादि गर्वः ।

ततो भविष्यति भवतां सर्वज्ञोपज्ञ सद्धर्मानुष्ठानयोग्यता ॥

उपमिति भवप्रपञ्चा कथा–सप्तम प्रस्ताव.

पुस्तक २८ } वीर सं. २४५६. भाद्रपद आत्म सं. ३५. { अंक २ जो.

## માફી.

સિદ્ધાન્ત જૈન તણું તમે સ્વીકારવા ઉત્સુક છો ?
દુષ્કર્મની માફી પરસ્પર માંગવા મશગુલ છો ?
નિજ હૃદય શુદ્ધિ વિણુ વાણીનો પ્રલાપ શું કામનો ?
"મિથ્યા મિ દુષ્કૃત" શબ્દ દૈવી સમજ વિણુ છે નામનો ? ૧

માફી મનોહર શબ્દ સુંદર શુદ્ધિ સાચી સૂચવે,
" પર્યૂષણા " આરાધવા ફરમાન વશ થાવું હવે;
તાત્વિકતા સમજી ખરે નિજ હૃદયને નિર્મલ કરો,
**માફી** સમર્પણ સાથ **મૈત્રી** કેળવી ઈપ્સિત વરો. ૨

મન વચન–કાય ત્રિયોગથી જે જે કર્યાં દુષ્કર્મ તે,
આલોચવા અન્તર થકી તે–તે ત્રિયોગીક સર્વને;
પ્રતિક્રમણમાં કરવી સમુચ્ચય યાદ દુષ્કૃત કર્મની,
જાણ્યે અજાણ્યે જે થયાં સહુ **માફી** માંગો તેહની. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" દુષ્કર્મની માફી " ત્રિયોગે ભ્રાત ! માંગુ આજ હું,
અર્પો દયા દરસાવીને નિઃશલ્ય થઈ સાચું કહું;
મતભેદ ભૂલી શૈલી શ્રી જિન ધર્મની સ્વીકારશો,
છે અર્જ આત્માનંદ ની આનંદ સત્ય જમાવશો. ૪

વિક્રમાબ્દ ૧૯૮૬
પર્વ-પર્યુષણા } વેલચંદ ધનજી.

## બાજી બધી ઉંધી વળે.

( છપ્પય )

આર્ય દેશ અવતાર, કુળ પણ ઉત્તમ પામે;
અખંડ અંગોપાંગ, રૂપથી રતિ વિરામે. ૧
રહે શરીર આરોગ્ય, રોગનું નામ ન જાણે;
કરે સદા કલ્લોલ, ભાગ્ય સહુ લોક વખાણે. ૨
ભણે વિદ્યા વિધવિધ, સરસ્વતી કંઠે સોહે;
વાણી વચન રસાળ; દેખતાં પંડિત મોહે. ૩
ખેડે વણજ વ્યાપાર, દેશ પરદેશે મોહટો;
ખાટે લાભ વિશેષ, કદી નવ માંડે તોટો. ૪
ધન ધાન્યના ભંડાર, ભરેલા નિશદિન રહેતા;
ગજ ઘોડા બેહદ, સદા સુખપાળો વહેતા. ૫
સ્વજન વર્ગ અનુકૂળ, પુત્ર પરિવારે શોભે.
કરે સેવક સત્કાર, દેખતાં દિલડું લોભે. ૬
મળે મહાજનમાં માન, સહુ કોઇ આણાધારે;
કીર્તિ દેશ વિદેશ, આંટ પણ ઉજ્વળ ભારે. ૭
દેવ ગુરૂ જોગવાઈ, અહોનિશ આવી મળતી;
રેખા પુણ્ય વિશેષ, કામના વિધ વિધ ફળતી. ૮
વળી આયુ દીર્ઘ શત વર્ષનું, એમ અનુકૂળતા સર્વે મળે;
પણ **જિનરાજને** જાણે નહિ, તો **બાજી બધી ઉંધી વળે.** ૯

છગનલાલ નહાનચંદ નાણાવટી
વેજલપુર-ભરૂચ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગૃહસ્થનો સામાન્ય ધર્મ.

કુળપરંપરાથી આવેલું એટલે પિતા, પિતામહ વગેરે પૂર્વપુરૂષની પરંપરાએ સેવનાદ્વારા પોતાના જીવન સુધી ચાલતું આવેલું નિંદા રહિત આચરણ તેમજ વૈભવાદિકની અપેક્ષાએ ન્યાયથી આચરેલું, પોતાના વ્યાપારાદિમાં ભેળસેળ વગર, બરાબર માપ તથા તોલ સહિત અને યોગ્ય વ્યાજ લેવા રૂપ પ્રમાણિકતાથી, અથવા સેવવા યોગ્ય પુરૂષોના ચિત્તનું અવસરે આરાધન કરવું એ રૂપે પણ ન્યાયથી વ્યાપાર અનુષ્ઠાન કરવું, તેમજ તેજ રીતે રાજસેવા, નોકરી વગેરેનું આચરણ તેને શાસ્ત્રકાર મહારાજ ગૃહસ્થનો સામાન્ય ધર્મ કહે છે. શ્રાવકપણું-દેશવિરતિપણું હજી આગળ છે, તેની પ્રથમ ભૂમિકા તરીકે આધર્મ છે મતલબ કે વ્યાપારમાં, રાજસેવામાં કે પોતાની નોકરીમાં જયાં જોડાયો હોય ત્યાં તે તે વ્યાપાર કે સેવાને ઘટતા એવાં ક્રમમાં પ્રમાણિકપણે પ્રવર્તે, કુળપરંપરાથી ચાલી આવેલ અનિંદ્ય આચરણ આચરે જેથી વ્યવહારમાં સર્વ વિઘ્નથી દૂર રહી શકે તેથી શ્રાવક-દેશવિરતિ ધર્મના પગથીઆ ચડવા ઉમેદવાર બની શકે, તેથી જ ગૃહસ્થનો ઉપરોકત સામાન્ય ધર્મ પ્રથમ સોપાન રૂપ બતાવ્યો છે.

અહિં અનિંદ્ય આચરણ એમ જે જણાવ્યું છે તે એટલા માટે છે કે, જે ગૃહસ્થ આ અનુષ્ઠાન રહિત રહે તેને આજીવિકાનો વિચ્છેદ થાય અને તેમ થતાં ધાર્મિક વ્યવહારિક તમામ શુભક્રિયા વિરામ પામી જવાનો પ્રસંગ આવે, જેથી છેવટે અધર્મપણું પ્રાપ્ત થાય, માટેજ ગૃહસ્થને (સામાન્ય ધર્મમાં હોય ત્યાંથી જ) ન્યાયથી ( શુદ્ધ વ્યવહારથી ) દ્રવ્ય ઉપાર્જન કરવાનું ભગવાને ફરમાવેલું છે. કે જેથી આ લોક અને પરલોકના કલ્યાણને માટે તે થાય છે, બાકી વ્યાપાર-અને વ્યવહારમાં, નોકરીમાં અન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરેલ મનુષ્ય ધર્મના કોઇ માર્ગે ગમે તેટલો ધનનો વ્યય કરે તો પણ તેના આ લોક પરલોકના કલ્યાણ માટે તે થતું નથી. દુનિયામાં એવું પણ જોવાય છે કે અન્યાયથી ઉપાર્જન કરેલ દ્રવ્યવાળા મનુષ્યો પોતાના તે દોષો ઢાંકવા, લોકોમાં વાહવાહ કહેવરાવવા, કપટે-વિશ્વાસઘાતે ધન મેળવી અભિમાને ખરચવા જેવા પણ ધાર્મિક અનુષ્ઠાનોમાં પોતાના પૈસાનો ઉપયોગ કરતાં આપણે જોઇએ છીયે તેમજ વાણીમાં બીજું અને વર્તનમાં બીજું તેવી રીતે વ્યય કરનારા મનુષ્યો પણ ગમે તેટલું તે માર્ગે દ્રવ્ય ખરચે પણ શાસ્ત્રો તો તેને આ લોક અને પરલોકનું કલ્યાણ તેનાથી થતું નથી તેમ જણાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્યાયથી પ્રવર્તેલા પુરૂષો ઉપર, ઉપભોગ કરનાર ઉપર અને ઉપભોગ કરવા યોગ્ય વૈભવ ઉપર એમ બે પ્રકારે લોકોને શંકા ઉત્પન્ન થાય છે. ભોક્તા ઉપર આ પરદ્રોહ કરનાર પુરૂષ છે અને ભોગ્ય વસ્તુ ઉપર આ પારકું દ્રવ્ય છે, અન્યાય, કપટ વિશ્વાસઘાત–છેતરીને એકઠું કરેલું દ્રવ્ય છે તેનો આ ભોગવટો છે એવા દોષોની સંભાવના લોકોથી થાય છે.

ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરનાર ઉપર તેવા દોષો આવતા નથી, તેથી અવ્યાકુલ ચિત્તવાળા અને ઉત્તમ પરિણામવાળા તે પુરૂષને આ લોકમાં સુખનો મહાન લાભ થાય છે, અને પરલોકનું હિત એ રીતે થાય છે કે, સત્કાર પ્રમુખવડે તીર્થ ગમન પવિત્રગુણના પાત્ર એવો પુરૂષવર્ગ અથવા દીન તથા અનાથ પ્રમુખ પ્રાણી વર્ગ તે અપેક્ષાએ તીર્થ કહેવાય તેમાં ગમન એટલે પ્રવેશ એટલે ઉપરોક્ત વર્ગને દાન આપવાથી તથા ટેકો આપવા માટે દ્રવ્યની પ્રવૃત્તિ કરવી એટલે ધર્મી પુરૂષોના ધનને દાનનું સ્થાન કહેલું છે તે અપેક્ષાએ પણ છે.

પોષ્ય વર્ગને વિરોધ ન આવે તેમ અને સ્વતઃ વિરૂદ્ધ ન હોય તેવી રીતે પાત્ર અને દીન અનાથ વગેરેને ઉપરોક્ત ન્યાયથી મેળવેલું દાન આપવું તે વિધિથી આપેલું કહેવાય છે; પરંતુ અન્ય રીતે અન્યાયથી સંપાદન કરેલું હોય તો તે રીતે આપતાં આ લોક અને પરલોકના શ્રેય માટે થતું નથી, કારણ કે અન્યાયથી સંચય કરેલું ધન અસ્થિપ્રમુખશલ્ય દોષવાળું ઘર જેમ ટકે નહિં તેમ તે કાયમ ટકતું નથી, કદાચ પાપાનુબંધીપુણ્યના બળથી અમુક વખત ટકી રહે તો તે પરિણામે વિનાશક થાય છે. કહ્યું છે કે—

" पापेनैवार्थरागांध फलमाप्नोति यत् क्वचित् ।
बडिशामिषवत्तत्तमविनाश्य न जीर्यति ॥ "

કોઇ ઠેકાણે દ્રવ્યના રાગથી અંધ થયેલો માણસ કદિ અન્યાયરૂપ પાપથી દ્રવ્ય મેળવે છે, પણ છેવટે મત્સ્ય ને આપેલી લોઢાની ગોળીના માંસની જેમ તે દ્રવ્ય તેનો વિનાશ કર્યા સિવાય પચતું નથી.

સંપત્તિને ઉપાર્જન કરવાનો ઉપાય ન્યાય જ છે એમ પરમાત્મા જણાવે છે. ન્યાયથી દ્રવ્યની પ્રાપ્તિમાં તે પ્રાપ્ત કરનારનેભવાંતરે બીજાના લાભને હાનિ કરી અને ઇચ્છી, તે દ્વારા ઉપાર્જન કરેલા અને પોતાને લાભ કરવામાં વિઘ્નના હેતુરૂપ લાભાંતર કર્મનો નાશ થાય છે; જેમ સારી રીતે લંઘન વગેરે ક્રિયા કરવાથી જ્વર, અતિસાર, બદહજમી વગેરે રોગોનો નાશ થાય છે તેમ, લાભાંતરાય કર્મનો નાશ થતાં આગામી કાલે અર્થસિદ્ધિ થાય છે.

અન્ય રીતે દ્રવ્ય ઉપાર્જન કરવામાં રાજદંડનો પણ ભય રહેલો છે, તેટલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે પણ તેવી પ્રવૃત્તિ ન કરવી. ગૃહસ્થના સામાન્ય ધર્મ માત્રની અપેક્ષા રાખનારા મનુષ્યો તો જેમ નીચ માણસ રાજ્યદંડના ભયથી પાપ કરતો નથી., મધ્યમ માણસ પરલોકના ભયથી પાપ કરતો નથી અને ઉત્તમ મનુષ્ય સ્વભાવથી જ પાપ આચરતો નથી, તેમ ઉત્તમ મનુષ્યની જેમ જ સ્વભાવથી જ પ્રકૃત્તિથી જ અન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરતા નથી, કારણ કે તેથી છેવટે અનર્થ થવાનો જ, તેટલું જ નહિં પરંતુ અન્યાય પ્રવૃત્તિથી બાંધેલું તે પાપ નિયત પણે પોતાનું ફળ આપ્યા સિવાય રહેતું નથી. દરેક મનુષ્યે પોતાના વ્યવહાર, વ્યાપાર કે સેવા નોકરીના આચરણમાં ન્યાયથી દ્રવ્ય મેળવવું તેથી તે માત્ર તે સામાન્ય ગૃહસ્થમાં છે તેમ ગણાય છે. આગળ વધનાર માટે આ એક મનુષ્યક્ષેત્રની શુદ્ધિ રૂપ છે, પછી તેમાં સમ્યકતરૂપી બીજ વવાતાં વિરતિરૂપ વૃક્ષ ઉત્પન્ન થતાં મોક્ષ રૂપી ફળ અનુક્રમે પમાય છે. પ્રથમભૂમિની શુદ્ધિ ઇચ્છનારે પોતાના આચાર વિચાર વ્યવહાર–વ્યાપારમાં આ લોક અને પરલોકના કલ્યાણ માટે જીવનમાં આટલો હૃદય પલટો કરવાની જરૂર છે. ( **આત્મવલ્લભ** )

# ભાવનાનું બળ.

"ભાવ અનંતે અનંત ફળ પાવે" એ જ્ઞાન વિમળસૂરિનું પદસિદ્ધાચળ-જીનું સ્તવન બોલતા યાદ આવે છે. આપણે એ ભાવનાનું અનંત બળ પ્રાપ્ત કરવા માટે, અથાગ પરિશ્રમ તથા સતત અભ્યાસ સાથે મનને ધ્યેયની સાથે એકાગ્ર કરવાની જરૂર છે. "પરિણામે બંધ" એ સૂત્ર આપણી સન્મુખ રાખી, શુભ પરિણામની અંદર ચિત્તને એકાગ્ર કરવાની જરૂર છે યત:

**आकर्णितोपि महितोऽपि निरिक्षितोऽपि**
**नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या**
**जातोऽस्मि तेन जनबांधवदुःख पात्रं**
**यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशुन्याः**

આ સિદ્ધસેન દિવાકર સૂરિકૃત શ્લોક વિચારણીય છે. ભાવ રહિતની ક્રિયાઓ યથાર્થ ફળદાયક થતી નથી, જ્યારે ભાવનાના ઉચ્ચતમ સંસ્કારો જીવને આ ભવ તથા જન્માંતરમાં પણ ઉદય આવે છે અને તે અન્તે આત્માની અનંત શક્તિને ઉદ્ઘાટન કરાવે છે. ભાવનાનું બળ અનંત કાળે જે વસ્તુ મળવાની હોય તે અલ્પ કાળમાં પ્રાપ્ત કરાવે છે અને જે વસ્તુ દુર્લભ ગણાતી હોય તે સુલભ બનાવે છે યત:

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" ભરત નૃપ ઇલાચી જીરણુ શ્રેષ્ઠી ભાવે,
વળી વલ્કલચિરિ કેવળ જ્ઞાન પાવે;
હળ ધર હરિણોજે પંચમે સ્વર્ગ જાવે,
ઇહજ ગુણુ પસાયે તાસ નિસ્તાર થાયે "

આ બધા મહાન્ પદને પ્રાપ્ત કરનારા થયા છે તે ભાવનાના બળથીજ થયા છે. આ બળ પ્રાપ્ત કરવા માટે પ્રથમ ધાર્મિક ક્રિયાઓમાં રચનાત્મક પ્રબળ પુરૂષાર્થની જરૂર છે. રાવણે જ્યારે પ્રભુ ગુણમાં એકતાન થતાં પોતાની દેહની કિંમત તુચ્છ ગણી તથા પૂર્વના પ્રબળ સંસ્કારથી ધ્યેયની સાથે એકતાન થયું ત્યારેજ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

જીરણુ શ્રેષ્ઠીએ ચાર ચાર મહિના સુધી મહાવીર પ્રભુ પાસે જઇ ભકિતભાવે પ્રાર્થના કરી ત્યારેજ એ પ્રબળ ભાવનાનાયોગે ઉચ્ચગતિને પામ્યા.

આ ચરિત્રો ઉપરથી આપણુને જરૂર જાણુવાનું મળે છે કે ભાવનાનું બળ પ્રાપ્ત કરવા માટે પ્રબળ પુરૂષાર્થતથા સતત અભ્યાસની જરૂર છે. પામર પુરૂ-ષાર્થ કે બાહ્ય ભાવથી કરેલી ક્રિયા આ બળને પ્રાપ્ત કરી શક્તિ નથી—આ શકિત પ્રાપ્ત કરવા માટે દેહનું ભાન ભુલાઇ જવાય, સંસારની આસકિત તુચ્છ લાગે; વ્યવહારિક ક્રિયાઓ શુષ્ક લાગે અને ધાર્મિક ક્રિયા કર્યા પછી મેં આજે અમૃત ક્રિયા કરી, આજે મારૂં જીવન કૃતાર્થ થયું, આજે મારી ઘડી અને પળ સફળ થઇ એવો અંતરાત્મામાંથી ઉદ્ગાર નીકળે ત્યારે તે ક્રિયા ભાવનાના બળને પ્રાપ્ત કરીને થઇ છે એમ માની શકાય.

આજે આપણે આપણી ધાર્મિક ક્રિયાઓમાં જરૂર આગળ વધવાનું છે, એમાં રસ પ્રાપ્ત કરવા સાધન અને શક્તિનો વ્યય કરવાની જરૂર છે. પ્રતિક્રમણુ અને સામાયિક કરતાં આપણુને એ ક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી એમજ થવું જોઇએ કે હું આ વ્યાપારમાં સમતાનો લાભ જમે કરી રહ્યો છું, હું ખરેખર સાધુ અવસ્થાનો અનુભવ કરૂં છું. મન વચન અને કાયાના પાપના વ્યાપારને મેં તિલાંજલી આપી છે, અત્યારે હું સંસારી દશાથી ભિન્ન છું, મારો આત્મા અત્યારે કોઇ દિવ્ય સ્થિતિનો અનુભવ કરે છે. ગમે તેવા સંયોગોમાં સામાયિક આદિ ક્રિયામાં આજ ભાવના રહેવી જોઇએ. આવા દોષ રહિત સામાયિક કરનાર પુણીયા શ્રાવકની મહાવીર પ્રભુએ પણુ પ્રશંસા કરી હતી.

પૂજા કરવામાં પણુ ત્રિકરણુ શુદ્ધિ, ત્રણુ નિસ્સીહિ, મનવચન કાયાની એકાગ્રતા, ચિત્તની પ્રસન્નતા, ઉપકરણુ શુદ્ધિ, તથા ભાવ શુદ્ધિની પૂરેપૂરી કાળજી રાખવાની જરૂર છે. યતઃ આનંદઘનજી મહારાજ કહે છે કે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્ત પ્રસન્નેરે પૂજન ફળ કહ્યું રે–પૂજા અખંડીત એહ; કપટ રહિત થઇ આતમ અરપણારે—આનંદઘન પદદેહ—

" યાદશી ભાવના તાદશી સિદ્ધિ "

આ વાકયનો વિચાર કરી આપણા વારસામાં મળેલી આ ભાવના બળની વિભૂતિને આપણી જીવન સંસ્કૃતિ બનાવવાની જરૂર છે.

આ સંસ્કૃતિ અસ્ખલિત અને બળવત્તર થાય તે માટે સાધન, શક્તિ, અને સમયનો જેટલો વ્યય કરીશું તેજ આ જીવનનું સાર્થક છે, કહ્યું છે કે " સવ્વં બલં ધમ્મબલં જીણાઇ " સર્વબળને ધર્મ બળ જીતનાર છે ( ગૌતમ કુલક ) આ શકિતના બળે આપણો આત્મા અવશ્ય સિદ્ધિપદના સોપાનને પ્રાપ્ત થશે એવું ખાસ સિદ્ધાંતનું વચન છે. ઇત્યલં ૐ શાન્તિ:

**લે. કસ્તુરચંદ હેમચંદ દેશાઇ.**
**ધાર્મિક શિક્ષક, જૈન ગુરૂકુળ—પાલીતાણા**

## જગતમાં જો શાન્તિ ક્યાંય હોય તો દુ:ખીઓનાં અશ્રુ લુંછવામાં છે.

આખા જગતની બની શકે એટલી તમારે સેવા કરવી જોઇએ, માટે કર્તવ્યમાં લાગી જાઓ, ભાગ્ય તમોને મદદ કરશે. કોઇ કહેશે કે અમે કેવી રીતે કર્તવ્ય કરીએ ? અમારાથી શું બની શકે ? અમે નિરાધાર પૈસા વિનાના શું કરી શકીએ ? મનુષ્યો ધારે તે કરી શકે-મનુષ્યો પોતાના આત્માનું બળ સમજતા નથી, કેળવી જાણતા નથી, એજ મોટું બંધન છે. તમો ધન માટે કહો છો તો એ વિચારો સાધારણ માણસોના છે. ધનથી જ કલ્યાણ થઇ શકે એ વાત મહાત્માઓ સ્વીકારતા નથી. અજ્ઞાનીઓને ચમક આપવા માટે ધન છે. આત્મોન્નતિ માટે ધન કાંઇ બહુ કામનું નથી, ધન તો સ્થૂલ વસ્તુ છે. તમારા હૃદયમાં અપાર્થિવ ધન-ભરેલું છે તે છોડીને તમો ક્ષુદ્ર ધનની ઇચ્છા શું કરવા કરો છો ? સેંકડો ધનવા-નોને જુઓ કે ધનના બળથી કોણે શાન્તિ મેળવી છે ? રાજ્ય છોડી ચાલ્યા ગયેલા અનેક જૈન જૈનેતર મહાપુરૂષોએ ક્યાં પરવા કરી છે ? આત્મિક ધન એ સર્વથી કિંમતી ધન છે. તમે એ ધનનો ઉપયોગ કરતાં શીખો એથી વધારે કલ્યાણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી શકાશે. માટે દુ:ખીઓની સેવા કરો. સત્સંગ રાખો. શાસ્ત્રોનું પઠન કરો. હૃદયની કોમળ લાગણીઓનો વિસ્તાર વધારો. મનોનિગ્રહ કરો. અને જ્ઞાન માર્ગમાં વીચરો—હાલ આતમાને બહુ કઠિન લાગતું હશે પણ તમે નિશ્ચય કરશો એટલે તે સહેલું થઇ જશે. ધાર્મિક જીવન ગાળ્યા વિના શાન્તિ નહીં મળે. ભેદ બુદ્ધિ રાખીને મારૂં તારૂં કરીને સ્થૂલ વસ્તુમાં મોહ રાખીને કોઇએ પણ શાંતિ મેળવી નથી માટે ધર્માચરણ કરો, દુ:ખીઓની સેવા કરો અને સમજુ થઇને આત્મઘાતી ન થાઓ. યાદ રાખજો કે બીજાના બળે આત્મોન્નતિ મેળવાતી નથી. મન ઢીલું રાખોમાં જેટલી દઢતા તેટલું બળ. કર્તવ્ય બજાવવામાં પરિશ્રમ છે પણ તે પરિશ્રમમાં ઉતકૃષ્ટ આનંદ છે અને ઉન્નતિ છે. દુ:ખીઓને દીલાસો દઇ તેઓને શાંત કરવામાં જે સુખ છે તેથી વિશેષ સ્વર્ગમાં બીજું સુખ નથી. દુ:ખીઓના આશિર્વાદ લેવાં એ કરતાં વધારે મોટું પુણ્ય પૃથ્વીમાં બીજું કયું છે? અને દુ:ખીઓની સેવામાં જે વખત જાય તે કરતાં વખતનો સારો ઉપયોગ જીંદગીમાં બીજો કયો છે? આટલું બધું તત્વ દુ:ખીઓની સેવામાં છે. અને તમે વિચારો તો ખરા કે તે બધું આપણે ફુરસદના જે કલાકો ખોટે રસ્તે ગુમાવીયે છીયે તે સદ્ઉપયોગમાં છે. હજી તમને ખબર નથી કે જીંદગી આટલી બધી કિંમતી છે અને વખત ઘણો બુરાઇમાં જાય છે. તમોને ખબર નથી કે ફુરસદના થોડા થોડા વખતને બચાવવાથી આટલું બધું કરી શકાય છે. તમોને ખબર નથી કે પ્રભુએ આપણુને તરવા માટે આટલી બધી અને આવી સહેલી તકો આપી છે. તમારી અરધી જીંદગી તો આ તત્વો સમજ્યાં પહેલાં જ નકામી ચાલી ગઇ છે, પણ હવે આવા અમૂલ્ય વખતને ખોઇ નાખશો નહીં, કારણ વખત ખોવો એ જીંદગી ખોવા જેવું છે અને જીંદગી ખોવી તે ઈશ્વર ખોવા જેવું છે. હજી તમોને ખબર નથી કે જીંદગીની ક્ષણો નકામી જાય છે તે પાપમાં જાય છે, અને જે ક્ષણો પાપમાં જાય છે તે ક્ષણો આપણુને ઇશ્વરથી દૂરને દૂર ઘસડતી જાય છે. તેમજ જે ક્ષણોનો સદ્ઉપયોગ થાય છે તે ક્ષણો ધર્મમાંજ જાય છે. ટુંકામાં કાળરૂપી સીડીના ક્ષણરૂપી પગથીઆં છે; એ સીડીનો હેઠલો છેડો નરકમાં અને ઉપલો છેડો સ્વર્ગમાં છે. આપણે તેની મધ્યમાં છીએ, ક્ષણોને નકામી ગુમાવવી એજ તેનો બૂરો ઉપયોગ છે ને તેથી આપણે નીચા ઉતરતા જઇએ છીએ. એટલે નરકમાં પડીએ છીએ અને ક્ષણોનો સદ્ઉપયોગથી આપણે ઉપર ચઢતા જઇએ છીએ, એટલે સ્વર્ગમાં પહોંચીએ છીએ, માટે જ્યાં જવું હોય ત્યાંની સીડી તૈયાર છે, પણ ક્યાં જવું તે આપણાજ હાથમાં છે. બીજાને નીમકહરામ સમજે તે પોતેજ પ્રભુનો મોટો નીમકહરામ છે.

એક શેઠ ગાડીમા બેસીને ફરવા જતો હતો, તેને રસ્તામાં તેની પીછાનવાળો એક સાધુ મળ્યો, સાધુએ પૂછયું કે શેઠ કેમ છો ? શેઠે કહ્યું કે આ ઘોડાની પંચાતીમાં છું. એ ઘોડા ઉપર બહુ રૂપિયા ખર્ચ્યા પણ તે સુધરતો નથી. એ ઘોડાને બહુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખવરાવું છું, બહુ ફેરવું છું, તેને શીખવવા માટે ઉસ્તાદ કોચમેન રાખેલો છે, પણ એની ચાલ સુધરતી નથી. આતો માથે પડયો.

શેઠની એ વાત સાંભળી તે સાધુએ કહ્યું કે—દૈવને પણ તમારા જેવું જ દુઃખ છે. શેઠે પૂછ્યું, અમારા જેવું શું દુઃખ છે? સાધુએ કહ્યું—તમે જેમ ઘોડાને ખૂબ ખવરાવો પીવરાવો છો ને તો પણ તે સરખો ચાલતો નથી. તેમજ દૈવ તમોને ઘણું જ્ઞાન આપે છે, બહુ વૈભવ આપે છે, ઘણું સુખ આપે છે, અને તમોને સુધરવાની બહુ તક આપે છે તેનો ઉપયોગ કરો.

**એક મુનિશ્રી.**

# તમારી જીંદગી તમે વાંચો.

મહાત્માઓ કહે છે કે, ઇશ્વરને પામવા માટે આપણી જીંદગી આપણે વાંચવી જોઇએ. જો આપણી જીંદગી આપણે સમજીને વાંચી શકીએ તો તમાંથી જ આપણી ભૂલો મળી આવે, આપણાં પાપો આપણી સામે ખૂલ્લાં થઈ જાય, અને તે કેમ થાય છે તથા કેમ ન થાય તે પણ વધારે જોવાથી સમજી શકાય; એટલું જ નહી પણ એ કરતાં પણ કાંઇક ગુહ્ય તત્ત્વ આપણને એની મેળે મેળે સમજાઇ જાય, પણ એ બધું થવા માટે આપણાં આચરણો આપણે પવિત્ર રાખવાં જોઈએ. આપણે બરોબર સમજવું જોઇએ કે માત્ર મોટી મોટી આશાઓથી નહીં, ભારીભારી ઉપલક શબ્દોથી નહી, અધૂરી અધૂરી મીઠડી કલ્પનાઓથી નહીં, પણ આપણાં આચરણોથી જ, આપણાં વર્તનથી આપણી જીંદગીના રોજનાં આપણને સાધારણ લાગતાં કામકાજોથી જ તરવાનું છે. દુસ્તર સંસાર સાગર તરવા માટે આપણને કાંઇ સુધરેલી ફેશનની આગબોટો કામ આવતી નથી, આપણને તારવાને માટે કાંઇ વિમાન કે સ્વર્ગની હોડી આવવાની નથી, આપણે આપણા શુભ કર્મો વડેથી તરવાનું છે, અને એ શુભ કર્મો જેને આપણે નજીવા કહીએ છીયે, જેને સાધારણ સમજીએ છીએ તેજ રોજનાં આપણાં કામકાજ છે અને તેથી જ આપણને તરવાનું છે એ કર્મો કરવા તેનું જ નામ જીંદગી છે અને જીંદગી એ કર્મોને માટે છે માટે જીંદગી ઉત્તમ રીતે સત્યમાર્ગે ગાળવી એજ તરવાનો રસ્તો છે.

જીંદગીને સત્યમાર્ગે ગાળવી એમ આપણે બોલીએ છીએ પણ પાળતા નથી માટે તેવું ન થવું જોઇએ (એક મુનિશ્રી.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સંગ્રહીત સૂકત વચનો.

(૧) પરમ કૃપાળુ પરમાત્મા જે જે વખતે જે જે સ્થિતિમાં રાખે તેમાં સંતોષ માનવો તેમજ સત્ય અને નીતિના માર્ગે ચાલવા પ્રયત્ન કરવો.

(૨) સંતોષી સદા સુખી.

(૩) Content is more than a kingdom (સંતોષ એક રાજ્ય કરતાં વિશેષ છે)

(૪) Honesty is the best policy ( પ્રમાણિકતા એ સર્વોત્તમ નીતિ છે. )

(૫) અડગ નિશ્ચય અને સત્ય માર્ગનું અવલંબન એ જગતને હલાવી નાખનાર શક્તિઓ છે.

(૬) સુખ સમયમાં છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી;
સુખ દુઃખ સદા ટકતા નથી, એ નીતિ ઊર ઉતારવી.

(૭) જીવન એટલે સુખ અને દુઃખનો તાણો વાણો. તાણા વાણા વિના જેમ લુગડું નહિ તેમ સુખ દુઃખ વિના જીવન નહિ. કેવળ સુખ, કેવળ દુઃખ કલ્પના માત્ર છે એટલે આપણે સુખદુઃખથી ના ડરીએ. સુખને સેવીએ, દુઃખને સહન કરીએ પણ એકેથી ડોલીને ખસી ન જઇએ. જીવન જીવવું આકરૂં છે, દુઃખ સહન કરવું ખૂબ કઠિન છે અને તેથીયે કઠિન સુખ પચાવવું એ છે પણ જીવનનો કીમીઓ જ સુખ દુઃખ વિષે સમતોલના કેળવવામાં છે.

(૮) જે વધસ્થાનમાંથી તમે મુકત થઇ શકતા ન હો તે સ્થળે હસ્તે ચ્હેરે ઉભા રહેવું એમાં જ ખરી બહાદુરી છે.

(૯) સંકટના સમયમાં હિંમત ધારણ કરવી એ અડધી લડાઇ જીતવા સમાન છે.

(૧૦) ઘણાં માણસોની મહત્તાનું કારણ તેમની પ્રચંડ મુશ્કેલીઓ જ હોય છે.

(૧૧) પ્રકૃતિ જ્યારે મુશ્કેલીઓ વધારે છે ત્યારે બુદ્ધિબળને પણ વધારે છે.

(૧૨) જો કે હાનિઓ અને સંકટો એ અત્યંત કઠિન પાઠો છે તોપણ તેમાંથી જે બોધ મળે છે તે અન્યત્ર કયાંય પણ મળતો નથી.

---

એક શ્રદ્ધાળુ જૈનભાઇની નોંધ પોથીમાંથી પ્રકાશન માટે તેણે પોતે જ લખી તૈયાર કરી આપેલ તે. પાઠવનાર સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી મહારાજ. ( વળા )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૩) વિપત્તિ એ મહાપુરૂષોની ઉન્નતિનું કારણ છે.

(૧૪) અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઇ જા,
ઊંડા અંધારેથી પ્રભુ ! પરમ તેજે તું લઇ જા.

(૧૫) સત્યમેવ જયતે.

(૧૬) The greatest truths are the simplest ( મહાન સત્યો સાદામાં સાદા હોય છે. )

(૧૭) અનિશ્ચિત મનના માણસે કોઇ પણ મહાન કાર્ય કર્યું નથી.

(૧૮) Once resolved the trouble is over ( એક વખત નિશ્ચય કરવાથી મહેનતનો અંત આવે છે. )

(૧૯) દૃઢ ઇચ્છા અને નિશ્ચય ધરાવનાર માણસને માટે આ જગતમાં સમય અને તક છે છે ને છે જ.

(૨૦) મન: એવ મનુષ્યાણાં, કારણં બંધ મોક્ષયો: ( મન એજ મનુષ્યોને બંધન અને મોક્ષનું કારણ છે )

(૨૧) Industry is the parent of success. ( ઉદ્યોગ એજ વિજયનો જન્મ દાતા છે )

(૨૨) અધીરાઇ એ અત્યંત ખરાબ પ્રકારની ઝડપ છે.

(૨૩) Haste is waste. ( ઉતાવળા સો બ્હાવરા, ધીરા સો ગંભીર. )

(૨૪) સઘળાં કાર્યોમાં આરંભ કર્યા પૂર્વે ઉત્તમ તૈયારી કરી રાખવી જોઇએ.

(૨૫) Well begun is half done. (સારી શરૂઆત થાય એ અડધું કાર્ય થઇ જવા બરાબર છે.)

(૨૬) **સંપ ત્યાં જંપ**

(૨૭) United we stand, divided we fall. (સંપ ત્યાં જંપ, કુસંપ ત્યાં પતન)

(૨૮) કરે તેવું પામે, વાવે તેવું લણે.

(૨૯) Do unto others, as you would be done by. બીજા આપણી પ્રત્યે જે રીતે વર્તે એમ ઇચ્છતા હોઇને તે રીતે તેમના તરફ વર્તવું.

(૩૦) ધીરજ મોટી વાત છે, સમતાના ફળ મીઠા છે.

(૩૧) Time is more than money. ( વખત દોલત કરતાં પણ વધારે છે. )

(૩૨) Of all that is best time is the best. ( વખત સર્વોત્તમ વસ્તુ છે )

(૩૩) ગયો સમય પાછો આવતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩૪) આળસ એ જીવતા મનુષ્યની કબર છે.

(૩૫) Delay is dangerous. ( વિલંબ ભયંકર છે. )

(૩૬) Idle people never have leisure. ( આળસુ લોકોને કદિ નવરાશ હોતી નથી )

(૩૭) Perseverence overcomes difficulties. ( ખંતથી મુશ્કેલીના પર્વતો ઓળંગાય છે )

(૩૭-A) Patience & perseverence overcome mountains. ( ધીરજ અને ખંતથી પર્વતો ઓળંગાય છે. )

(૩૮) પડે ચડે જીભ વડેજ પ્રાણી, વિચારીને ચાર ઉચ્ચાર વાણી.

(૩૯) Kind words are worth much & they Cost nothing. ( માયાળુ શબ્દોની કિંમત ઘણી છે અને તેનાં કાંઇ પૈસા બેસતા નથી. )

(૪૦) કોયલ નવ દે કોઇને, હરે ન કોનું કાગ;
મીઠાં વચનથી સર્વનો, લે કોયલ અનુરાગ.

(૪૧) Do good, no matter to whom. ( ગમે તેનું પણ ભલું કરો )

(૪૨) પ્રત્યેક જણે પોતાની ભાંજગડ પોતાની જાતે કરવી, બીજાપર આધાર રાખવો નહિં. " સ્વાવલંબન " ને જ તમારો મૂળ મંત્ર થવા દેજો.

(૪૩) મનુષ્યને આંતરિક અને બાહ્ય વિઘ્નો જેમ અધિક સહન કરવા પડે છે તેમ તેનું જીવન અધિક મહત્ત્વનું અને વિશેષ પ્રોત્સાહક બને છે.

(૪૪) Acts speak louder than words. શબ્દો કરતાં કાર્યોની અસર ઘણી વધારે છે.

(૪૫) If you cannot have the best, make the best of what you have. ( જો તમને સારામાં સારી વસ્તુ ન મળે, તો જે કાંઇ તમારી પાસે હોય તેનો સારામાં સારો ઉપયોગ કરો.

(૪૬) Few have all they need, none all they wish. કોઇને જ પોતાને જોઇએ તે મળે છે, કોઇને પોતે જે ઇચ્છે તે મળતું નથી.

(૪૭) કંઇ લાખો નિરાશામાં, અમર આશા છુપાઇ છે;
ખફા ખંજર સનમનામાં, રહમ ઉંડી લપાઇ છે.

(૪૮) God comes at last when we think He is furthest off. ( પ્રભુને જ્યારે આપણે દૂર દૂર માનીયે છીએ ત્યારે અંતે તેની મદદ આવી પહોંચે છે )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪૯) The darkest hour is near the dawn. ( સૂર્યોદય પહેલાં ખૂબ અંધકાર હોય છે.

(૫૦) ચાહે કોટી કરો ઇલાજ પણ ભાગ્ય વિણ મળે ન કોડી.

(૫૧) Diligence is of no use where luck is wanting ( ભાગ્ય વગર ખંત કશા કામની નથી )

(૫૨) કદિ પણ પતિત ન થવું એમાં કાંઇ પરમ ગૌરવ રહેલું નથી પણ જ્યારે જ્યારે પતિત થઇએ ત્યારે ત્યારે પુન: ઉન્નત થવામાં પરમ ગૌરવ છે.

(૫૩) થયેલી ભૂલને હઠીલાઇથી વળગી રહેવા કરતાં થયેલી ભૂલ સુધારવામાં વધારે પ્રબળ સંકલ્પની જરૂરીઆત છે. ( ચાલુ )

# નય રેખા દર્શન.

## પ્રશ્નોત્તરાવળી.

( પ્રયોજક શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીઆ. )

પ્રશ્ન:—નય એટલે શું ?

ઉત્તર:—નય એ આંશિક (અંશત:) સત્ય છે. અનેક ધર્મવાળી વસ્તુમાં અમુક ધર્મને લગતો જે અભિપ્રાય બંધાય છે તેને જૈન શાસ્ત્રો નયની સંજ્ઞા આપે છે.

પ્રશ્ન:—નિશ્ચય નય એટલે શું ?

ઉત્તર:—જે દૃષ્ટિ વસ્તુની તાત્વિક સ્થિતિ અર્થાત્ વસ્તુના મૂળ સ્વરૂપને સ્પર્શ કરનારી છે, તે નિશ્ચય નય કહેવાય છે.

પ્રશ્ન:—વ્યવહાર નય એટલે શું ?

ઉત્તર:—જે દૃષ્ટિ વસ્તુની બાહ્ય અવસ્થા તરફ લક્ષ ખેંચે છે તેને વ્યવહાર નય કહે છે.

પ્રશ્ન:—નયની વિશિષ્ટ વ્યાખ્યા કરો ?

ઉત્તર:—અભિપ્રાય બતાવનાર શબ્દ, વાક્ય, શાસ્ત્ર કે સિદ્ધાંત એ બધું નય કહી શકાય.

પ્રશ્ન:—નયને સંપૂર્ણ સત્ય તરીકે માની શકાય કે નહિ ?

ઉત્તર:—તેને સંપૂર્ણ સત્ય તરીકે માની શકાય નહિ.

પ્રશ્ન:—નયો કેટલા છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર:—તેની ગણના કરી શકાય તેમ નથી.

પ્રશ્ન:—તે શી રીતે સમજી શકાય ?

ઉત્તર:—અભિપ્રાયો કે વચન પ્રયોગો જ્યારે ગણનાની બહાર છે તો નયો તેથી જુદા ન હોવાથી તેની ગણના થઈ શકે નહિ.

પ્રશ્ન:—દ્રવ્ય કોને કહેવાય ?

ઉત્તર:—મૂળ પદાર્થને દ્રવ્ય કહેવાય છે.

પ્રશ્ન:—પર્યાય કોને કહેવાય.

ઉત્તર:—દ્રવ્યના પરિણામને પર્યાય કહેવાય છે.

પ્રશ્ન:—કોઇ વસ્તુનો સમૂળગો નાશ કે બીલકુલ અપૂર્વ ઉત્પાદ છે ?

ઉત્તર:—નથી.

પ્રશ્ન:—નયાભાસ એટલે શું ?

ઉત્તર:—અમુક ધર્મને સ્વીકારી બાકીના ધર્મનો સર્વથા નિષેધ કરનાર તેને નયાભાસ કહે છે.

પ્રશ્ન:—નયો કેટલા છે ?

ઉત્તર:—નયો સાત છે.

પ્રશ્ન:—તેના નામ કયાં કયાં છે ?

ઉત્તર:—(૧) નૈગમ (૨) સંગ્રહ (૩) વ્યવહાર (૪) ઋજુ સૂત્ર (૫) શબ્દ (૬) સમભિરૂઢ અને (૭) એવંભૂત.

પ્રશ્ન:—સાત નયોમાં દ્રવ્યાસ્તિક કેટલા અને પર્યાયાસ્તિક કેટલા ?

ઉત્તર:—પ્રથમના ચાર નયો દ્રવ્યાસ્તિક નય છે અને પછીના ત્રણ પયાયાસ્તિક નય છે.

પ્રશ્ન:—નૈગમ નય એટલે શું ?

ઉત્તર:—સામાન્ય તથા વિશેષ વિગેરે જ્ઞાન વડે વસ્તુને માને નહિ પણ સામાન્ય વિશેષ વિગેરે અનેક રૂપથી વસ્તુને માને તે નૈગમ નય કહેવાય છે. જેવી રીતે હું લોકમાં વસું છું.

## સામાન્ય વિશેષ રૂપની સમજણ.

કોઇ પુછે કે તમો કયાં વસો છો ? ત્યારે કહે કે લોકમાં. ત્યારે ફરી પુછે કે તમો કયા લોકમાં વસો છો ? ત્યારે કહે કે અમો મૃત્યુલોકમાં વસીએ છીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે પુછે કે તમો કયા દેશમાં વસો છો ? ત્યારે કહે કે અમો ભરતખંડમાં વસીએ છીએ. ત્યારે પુછે કે તમો કયા દેશમાં રહો છો ત્યારે કહે હું ગુજરાતમાં રહું છું. આમ નૈગમ નય સામાન્ય વિશેષ વિગેરે જ્ઞાનવડે વસ્તુને માને નહિ પણ ઉપર લખ્યું તેમ સામાન્ય વિશેષ વિગેરે અનેક રૂપથી વસ્તુને માને છે. સામાન્ય તે વિશેષ થાય છે, વળી વિશેષ તે સામાન્ય થાય છે. આમ સામાન્ય વિશેષના અનેક રૂપથી વસ્તુને માને છે. વળી આ નય અંશ ગ્રાહી હોવાથી દેશ ( ખંડ ) ને પણ સંપૂર્ણ સત્ય માની લે છે. વળી આ નય સંકલ્પ કલ્પનાને ભજનારો છે તેથી કલ્પનાથી પણ વસ્તુનો વ્યવહાર કહે છે તે એક રૂપે નહિ પણ ઉપર બતાવ્યું તેમ અનેક રૂપે વસ્તુને માને છે. જેમકે હું લોકમાં વસું છું.

પ્રશ્ન:—આ નયના કેટલા પ્રકાર છે અને તે કયા કયા ?

ઉત્તર:—તેના ત્રણ પ્રકાર છે. (૧) ભૂત (૨) ભવિષ્ય અને (૩) વર્તમાન.

પ્રશ્ન:—ભૂત નૈગમ એટલે શું ?

ઉત્તર:—ભૂત નૈગમ એટલે થઇ ગયેલી વસ્તુનો વર્તમાન રૂપે વ્યવહાર કરવો તે. દાખલા તરીકે:—તેજ આ દિવાળીનો દિવસ કે જે દિવસે મહાવીર સ્વામી નિર્વાણ પામ્યા હતા.

પ્રશ્ન:—ભવિષ્ય નૈગમ એટલું શું ?

ઉત્તર:—થનારી વસ્તુને થઇ કહેવી. દાખલા તરીકે:—ચોખા પુરા ન રંધાયા હોય છતાં રંધાયા કહેવું તેને ભવિષ્ય નૈગમ કહે છે.

પ્રશ્ન:—વર્તમાન નૈગમ એટલે શું ?

ઉત્તર:—ક્રિયા શરૂ થઇ ન હોય છતાં તેની તૈયારી જોઇ કહેવું કે થઇ છે.

પ્રશ્ન:—સંગ્રહ નય એટલે શું ?

ઉત્તર:—સમ્ એટલે સમ્યક્ પ્રકાર, ગ્રહ એટલે ગ્રહવું અર્થાત્ જે સમ્યક્ પ્રકારે ગ્રહણ કરાય છે તેને સંગ્રહ નય કહે છે. સંગ્રહ–નયમાં સામાન્યની માન્યતા છે પણ વિશેષની નથી. તેની વ્યાખ્યા નીચે પ્રમાણે.

" સામાન્યરૂપ વડે સર્વ વસ્તુઓને પોતાનામાં અંતરગત કરે છે. અર્થાત્ સામાન્ય જ્ઞાનનો વિષય કહે છે.

પ્રશ્ન:—વ્યવહાર નય એટલુ શું ?

ઉત્તર:—આ નયમાં વિશેષ ધર્મની મુખ્યતા છે. કારણકે કોઇને કેરી એમ સ્પષ્ટ નહિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેતાં વનસ્પતિ લેવાનું કહીએ તો શું ગ્રહણ કરશે ? માટે વિશેષ ને માન્ય રાખનાર આ નય છે. તેથી સામાન્યને તે કબુલ રાખતો નથી.

પ્રશ્ન:—ઋજુ સૂત્રનય એટલે શું ?

ઉત્તર:— આ નય વર્તમાન સમયગ્રાહી છે. વસ્તુના નવા નવા રૂપાંતરો તરફ આ નય લક્ષ્ય ખેંચે છે. દાખલા તરીકેઃ–સૂવર્ણના કડા, કુંડળ, વિગેરે જે પર્યાયો છે તે આ નય જુએ છે. એટલે પર્યાયો સિવાય સ્થાયી દ્રવ્ય તરફ આ નયનો દૃષ્ટિપાત નથી, એથી જ પર્યાયો વિનશ્વર હોવાને લીધે સદા સ્થાયી દ્રવ્ય આ નયની દૃષ્ટિએ નથી.

પ્રશ્ન:—શબ્દ નય એટલે શું ?

ઉત્તર:—શબ્દ નય એટલે અનેક પર્યાય શબ્દનો એક અર્થ માનવો એ આ નયનું કામ છે જેમ ઇંદ્રને શક્ર, પુરંદર, વિગેરે નામથી કહે છે તે શબ્દનય છે. કપડું, લુગડું, વસ્ત્ર વિગેરે શબ્દનો એક જ અર્થ છે તેમ આ નય સમજાવે છે.

પ્રશ્ન:—સમભિરૂઢ નય એટલે શું ?

ઉત્તર:—એક વસ્તુનું સંક્રમણ જ્યારે બીજી વસ્તુમાં થાય છે ત્યારે તે અવસ્તુ થઇ જાય છે જેમકે ઇંદ્ર એ શબ્દરૂપ વસ્તુનું સંક્રમણ શક્ર શબ્દમાં થાય ત્યારે ઇંદ્ર વાચક શબ્દ જુદો થાય છે. એટલે ઇંદ્ર શબ્દનો અર્થ ઐશ્વર્ય વાળો, શક્ર શબ્દનો અર્થ શકિતવાળો, અને પુરંદર શબ્દનો અર્થ શત્રુના નગરને નાશ કરનારો થાય છે. તે બધા શબ્દો ઇંદ્રવાચક છે. પણ તેના અર્થ ( વાચ્ય ) જુદા જુદા હોવાથી તે જુદા જુદા છે એમ સમભિરૂઢ નય માને છે.

પ્રશ્ન:—એવંભૂતનય એટલે શું ?

ઉત્તર:—પોતાનું કામ કરતી સાક્ષાત્ દેખાતી વસ્તુને તે વસ્તુ તરીકે માનવાનું આ નય સૂચવે છે. દાખલા તરીકે ઘટ એ શબ્દમાં ઘટ એ ધાતુ છે અને તેનો અર્થ ચેષ્ટા કરવી થાય છે એટલે જે સ્ત્રીના મસ્તક ઉપર આરૂઢ થઇ ચેષ્ટા કરે તે ઘટ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री कलिकाल सर्वज्ञ हेमचन्द्राचार्य गुणवर्णन.

(હરિગીત.)

કલિકાલમાં ઉપજ્યા તમે શ્રી હેમચન્દ્રાચાર્યજી,
શિરોમણી સહુ સંતના ચરણે અમો નમીયે હજી;
કલિકાલ દુઃખનું ઘર છતાં નિર્મળ સ્વભાવ તમો હતા,
રાજા મહારાજા બધા વંદન તમોને આપતા. ૧

સંયમ મનોહર પાળવા સંયમી તમો એકજ હતા,
નિયમો મનોહર પાળવા નિયમી તમો એકજ હતા;
વળી ઉર્ધ્વ રે તસ્ સદ્ગુણી યોગી તમો એકજ હતા,
ભગવાનના એ વિકટ પંથ પ્રવીણ પણ એકજ હતા. ૨

નરપાળને સદ્બોધ દઈ શુભ જૈન ધર્મ પળાવતા,
શુભ બોધ એમજ અન્યને આપી સ્વધર્મે લાવતા;
ગ્રન્થો મહાન રચ્યા તમે છે નામ અમર તેથી રહ્યું,
મહિમા તમારો મહદ્ તેનું ગાન બહુ શાસ્ત્રે કહ્યું. ૩

જેવી મનોહર ગંગની ધારાં દિસે છે ચાલતી,
ઉપદેશ ધારા આપની અવની ઉપર છે મ્હાલતી;
જ્યમ ચંદ્રકાન્તિ વિશ્વની તાપો બધા દુરે કરે,
એવી તમારી કીર્તિ પણ આ વિશ્વને ઉજ્વળ કરે. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનો અને જૈનેતરો યાવત્ જીવન સંભારશે,
ઉપદેશ અમૃત આપનાં નિજ ઉરમાંહી ઉતારશે;
આધિ ઉપાધિ તો જરૂર ટાળી પ્રભુને પામશે,
એવા જનોના હૃદયમાં અપૂર્વ શાન્તિ જામશે. ૫

અમ જૈન જનના આપનાં ચરણે નમસ્કારો હજો,
જે આપનો પથ તે અમોને પ્રાણુથી પ્યારો થજો;
સ્મૃતિ આપની અમ હૃદયથી ન્યારી કદી થાશો નહિ.
ને આપની મૃદુમૂર્ત્તિ પણ મનથી દૂરે જાશો નહિ. ૬

આકાશમાં રવિ રાજ તેજસ તત્ત્વ નામક એક છે,
અમ જૈન ધર્મે આપનું પાંડિત્ય એમજ એક છે;
જન્મે જગતમાં કૈક વળી જન કૈક મૃત્યુ પામતા,
એમા તમો મૃત્યુ અને અવતારમાં નથી આવતા. ૭

પરમાર્થ માટે દેહ ધરી પરમાર્થ વિશ્વ વિષે કર્યો,
આત્મા અને પરમાત્મનો પથ પ્રેમથી છે આદર્યો;
યોગી તણા યોગી હતા પંડિત તણા પંડિત હતા,
મોંઘા મનોહર સદ્‌ગુણે હે યોગિવર ! મંડિત હતા. ૮

અગિયારસેં પીસ્તાલીસેં સંવત વિષે જન્મ્યા તમો,
શતબાર ઓગણત્રિશમાં પરલોકને પામ્યા તમો;
અમ જૈન સંઘ તણી રૂડી ખ્યાતિ પ્રગટ વિસ્તારજો,
ઓ ? જૈન ધર્મ તણા પ્રવર્ત્તક ? વંદના સ્વીકારજો. ૯

લે૦ સદ્‌ગત અજિતસાગરસૂરિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# *સમવસરણ રચના.

જે સ્થાનપર તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યાં દેવતાઓ અવશ્ય સમવસરણની રચના કરે છે.

સમવસરણની રચના કરવામાં દેવતાઓ અનંત પુણ્ય ઉપાર્જન કરે છે, તેમજ તેની અનુમોદના કરનાર પ્રાણી સમ્યકત્વ પ્રાપ્ત કરી, અનંત પુણ્ય ઉપાર્જન કરે છે, તેટલુંજ નહિં પરંતુ ભવાંતરમાં તીર્થંકર ભગવાનોના સમવસરણનો લાભ પણ લઇ શકે છે.

આવશ્યક નિર્યુકિત આદિ શાસ્ત્રોમાં સમવસરણનું જાણવા યોગ્ય વિસ્તારથી વર્ણન આપવામાં આવેલ છે, પરંતુ બાલજીવો માટે પૂર્વાચાર્યોએ એક લઘુ પ્રકરણમાં તેની રચના કરેલી છે, જે ઉપરથી આ લેખ લખવામાં આવ્યો છે.

અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યરૂપ અભ્યંતર લક્ષ્મી, તથા ચોત્રીશ અતિશય તથા અષ્ટ મહાપ્રાતિહાર્યરૂપ બાહ્યલક્ષ્મીથી વિભૂષિત સમવસરણ સ્થિત, તેમજ દેવ, દેવેન્દ્ર, નર, નરેન્દ્ર અને વિદ્યાધરોના સમૂહથી પરિપૂજિત એવા તીર્થંકર ભગવાનને નમસ્કાર કરી ભવ્ય જીવોના હિતાર્થે સમવસરણનું સંક્ષિપ્ત વર્ણન ગ્રંથકાર મહારાજ કહે છે.

જેમણે પોતાના કેવળજ્ઞાન, કેવળદર્શન દ્વારા સંપૂર્ણ લોકાલોકના સકળ પદાર્થો હસ્તામલકવત્ પ્રગટપણે જાણ્યા દેખ્યા છે, તે તીર્થંકર ભગવાનોની વિભૂતિરૂપ સમવસરણ કે જયાં પ્રભુને કેવળ જ્ઞાન પ્રગટ થાય ત્યાં દેવતાઓ દિવ્ય રચના કરે છે. જેમકે વાયુ કુમાર દેવો પોતાની શક્તિથી એક યોજન પ્રમાણ ભૂમિમંડલમાંથી તૃણો, કાંટા, કાંકરા, કચરા, ધૂળ વગેરે અશુભ પદાર્થો દૂર કરી શુદ્ધ, સ્વચ્છ અને પવિત્ર ભૂમિ બનાવે છે, તેમજ મેઘકુમાર દેવો તેટલી જ ભૂમિમાં પોતાની દિવ્ય શક્તિથી સ્વચ્છ, નિર્મળ, શિતળ અને સુગંધી જળની વૃષ્ટિ કરે છે, તેમજ ઋતુ દેવતાઓ છ ઋતુઓના ઉત્પન્ન થયેલા પંચ વર્ણોના પુષ્પોને જળ, સ્થળમાં ઉત્પન્ન થયેલ ઢીંચણ પ્રમાણ એક યોજનના મંડલમાં

* શ્રી સમવસરણ પ્રકરણ મૂળ ગ્રંથ–આ સભા તરફથી ઘણા વર્ષો પહેલાં પ્રગટ થયેલ છે પરંતુ ગ્રંથનો વિષય જાણવા જેવો હોવાથી તેનો અનુવાદ પ્રકટ કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃષ્ટિ કરે છે અને તે પુષ્પો દ્વારા દેવતાઓ યથા સ્થાન સુંદર મનોહર રચના કરે છે. વ્યંતર દેવ પોતાની શકિતથી મણિ, ચંદ્ર કાન્તાદિ રત્ન–ઇન્દ્રનિલાદિ અર્થાત પાંચ પ્રકારના મણિ રત્નોથી એક યોજન ભૂમિ મંડલમાં ચિત્ર વિચિત્ર પ્રકારથી ભૂમિ ઉપર (પઠીકાની રચના કરે છે. ઉપર કહેલા પાંચ પ્રકારના મણિરત્નોથી મંડિત એક યોજન ભૂમિકા ઉપર દેવતા સમવસરણની દિવ્ય રચના કરે છે, જેમાં ત્રણ ગઢ અને તેની દિવાલો ઉપર સુંદર, મનોહર કાંગરાની રચના કરે છે. જેમાં રૂપાનો ગઢ સોનાના કાંગરા, સોનાનો ગઢ રત્નના કાંગરા, રત્નનો ગઢ અને મણિરત્નના કાંગરાને ભુવનપતિ, જ્યોતિષિ અને વૈમાનિક દેવો અનુક્રમે રચે છે. સમવસરણની રચના બે પ્રકારની થાય છે. વૃત–ગોળાકાર અને ચોરસ વૃતાકાર. સમવસરણની ભીંતો ૩૩ ધનુષ ૩૨ આંગુલ મૂળમાં પ્રથમ છે, એવી છ ભીંતો હોય છે. દરેક ભીંત ૫૦૦ ધનુષ ઉંચી હોય છે.

અકેક કોટની વચમાં અંતર કેટલું છે તે હવે બતાવે છે. રૂપા અને સુવર્ણના કોટની વચે ૧૩૦૦ ધનુષનું અંતર છે. તેમજ સુવર્ણના ગઢ અને રત્નના ગઢની વચ્ચે તેટલુંજ અંતર છે. મધ્યભાગમાં ૨૬૦૦ ધનુષની મણિપીઠ છે. ચાંદીના કોટ બહાર જે ૧૦૦૦૦ પગથીયાં છે તે એક યોજનથી અલગ છે.

એક કોટથી બીજા કોટનું અનુક્રમ અંતર ૭૮૦૦ ધનુષ અને ભીંતો ૨૦૦ ધનુષ બંને મેળવવાથી ૮૦૦૦ ધનુષ્ય એટલે એક યોજન સમજવું. દરેક ગઢને રત્નમય ચારચાર દરવાજા હોય છે. ભગવાનના સિંહાસનને પણ ૧૦૦૦૦ પગથીયા હોય છે. ભગવાનના સિંહાસનના મધ્યભાગથી પૂર્વાદિ ચારે દિશાઓમાં બબ્બે કોશનું અંતર છે, જે ચાંદીના કોટની બહારનાં પ્રદેશ સુધી સમજવું. વૃત સમવસરણનો પરિઘ ત્રણ યોજન ૧૩૩૩ ધનુષ એક હાથ અને આઠ આંગુલ નો હોય છે. હવે ચોરસનું પ્રમાણ કહીયે છીયે.

ચોરસ સમવસરણની ભીંતો સો સો ધનુષની હોય છે. રૂપા, સોનાના કોટનું અંતર ૧૫૦૦ ધનુષનું તથા સુવર્ણ રત્નના કોટનું અંતર ૧૦૦૦ ધનુષ એમ ૨૫૦૦ ધનુષ બીજી બાજુ તથા ૨૬૦૦ મધ્ય પીઠીકા અને ૪૦૦ ધનુષની દિવાલો કુલ આઠ હજાર ધનુષ–એક યોજન સમજવું અને બાકી દરવાજા પગથીયા વગેરે વૃત સમવસરણ પ્રમાણે જાણવું. —ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અધ્યાત્મવાદ.

વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.

આપણો દેશ એક પ્રકારની આધ્યાત્મિક–અહિંસાત્મક ક્રાન્તિ તરફ આગળ ધપી રહ્યો છે. નજીકના ભવિષ્યમાં મહાન પરિવર્તન થનાર છે. એટલા માટે વર્તમાન યુગના નવયુવકો સમક્ષ એક પરમ પવિત્ર કર્તવ્ય, એક અત્યંત વિકટ પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. શું આપણા નવયુવકો એ કઠિન પરિસ્થિતિને પહોંચી વળશે ?

જો એ પરિસ્થિતિને પહોંચી વળવું હોય તો અત્યારથી જ કટિબદ્ધ થઇને જરૂરી શકિત સંચયમાં સંલગ્ન થઇ જવું જોઇએ. શકિત–સંચયથી જ ભારતનું પુનર્નિર્માણ થઈ શકશે. શારીરિક શકિત સંચયનું મૂલ્ય કે જે યોગાભ્યાસનું પ્રથમ સોપાન છે તે મારી દૃષ્ટિએ જરાયે ઓછું નથી. શારીરિક સ્વાસ્થ્યનું રક્ષણ કરવામાં શારીરિક શકિત સહાયક બને છે અને એ રીતે ચિત્તની એકાગ્રતામાં પણ સહાયતા મળે છે. શારીરિક શકિતની આવશ્યકતા છે, પરંતુ તેનો ઉપયોગ પાશવિક બળની માફક ન હોવો જોઇએ. જો બળ પશુબળનું રૂપ ધારણ કરે છે તો તે મનુષ્યને સઘળા સદ્‌ગુણોથી દૂર રાખે છે અને તેને જરૂર પશુ બનાવી મૂકે છે. અહિંસા જ સાચી શારીરિક શકિત છે, નહિ કે હિંસા.

વર્તમાન યુગ ક્રાન્તિનો યુગ છે, એ ઠીક છે. પરંતુ ક્રાન્તિ હિંસાત્મક જ હોવી જોઇએ એ આવશ્યક નથી. અત્યારે ભારતવર્ષમાં ક્રાન્તિની આવશ્યકતા છે, પરંતુ તેનું સ્વરૂપ સર્વથા પવિત્ર અને અત્યંત ઉન્નત હોવું જોઇએ. એવી ક્રાન્તિ એ જ આધ્યાત્મિક ક્રાન્તિ છે. આધ્યાત્મિક ક્રાન્તિથી જ જે અનિષ્ટ વસ્તુઓએ પોતાનું સ્થાન કાળ કાળાંતરથી જમાવ્યું છે તે બધી દૂર કરી શકાય છે. એ જાતની ક્રાન્તિમાં ભારતવર્ષને હિંસા અથવા રકતપાતથી જરાપણ મદદ મળી શકશે નહિ. મેઝીનીના શબ્દોમાં કહીએ તો “ જગત એને માનવ જાતિની સેવાને માટે આહ્વાન કરી રહેલ છે. ” અને રકતપાત અથવા હિંસાની ગણના સેવાધર્મમાં નથી થઇ શકતી. ભારતવર્ષનું જીવન તો વિશુદ્ધ, સૃષ્ટિશીલ અને આધ્યાત્મિક હોવું જોઇએ. પશુબળ યુકત નહિ. અત્યારે ભાતવર્ષની દબાયલી શકિતનું પુનરૂત્થાન થઇ રહ્યું છે અને તે વડે માત્ર ભારતવર્ષની જ નહિ પણ સમસ્ત સંસારની સેવા થઈ રહી છે. એ કાર્યમાં આગળ વધવા માટે પરમાત્મામાં દૃઢ અને અવિચળ વિશ્વાસ, વિશુદ્ધ હૃદય અને અદમ્ય ઇચ્છાની પરમ આવશ્યકતા છે અને તેથી આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણી જાતને પહેલેથી એ ગુણોથી સુસજ્જિત કરવી જોઇએ. આ કાર્યમાં પરમાત્માને આપણે માર્ગદર્શક બનાવવા જોઈએ, પ્રેમને જ આપણું હથિયાર બનાવવું, સેવાકાર્યને જ આપણી અભિષ્ટ સિદ્ધિ અને આત્મભોગને આપણો ઇચ્છિત વિજયોપહાર બનાવવા જોઇએ.

નિષ્કામ ધર્મ એ જ ભારતવર્ષનો ધર્મ છે. પોતાની અંદર આત્મશકિત વધારો અને શકિતસંપન્ન બનો. આધ્યાત્મિક શકિત આગળ સઘળી પાર્થિવ શકિતઓ નહિવત્ છે. કૂટનીતિનું તેની આગળ કશું મૂલ્ય નથી અને કોઇ પણ સામ્પ્રદાયિકતા તેની આગળ ટકી શકતી નથી. ઇટાલીનો ઉદ્ધાર કરનાર મેઝીનીના જીવનનું રહસ્ય આધ્યાત્મિક શકિતમાં જ હતું. એ આધ્યાત્મિક બળથી જ મહર્ષિ વસિષ્ટે પોતાના પ્રબળ શત્રુ વિશ્વામિત્રને એના સૈન્ય સાથે પરાજીત કર્યા હતા. તેમજ એ જ શકિતરૂપી હથિયારના બળવડે મહાત્મા ગાંધીજીએ આજકાલ ભારતના આબાલ વૃદ્ધ સૌ મનુષ્યોના હૃદય ઉપર પોતાનો અધિકાર જમાવી દીધો છે.

કાલચક્રની વર્તમાન સ્થિતિમાં કોઇપણ મનુષ્યના હૃદયમાં ઉપર્યુકત પ્રકારનો વિશ્વાસ જમાવી દેવો એ ઘણું જ કઠિન છે. કેમકે ભૌતિકવાદે લોકોની ધાર્મિક શ્રદ્ધાને વિચલિત કરી છે. પાર્થિવ સુખ તથા ઐશ્વર્યની ખાતર એક પ્રકારનું ઘનઘોર સંગ્રામ ચાલી રહ્યું છે એટલે પરમાત્માના સંબંધમાં કોઇપણ પ્રકારનું ચિંતન કરવાનો કોઈને અવકાશ જ નથી.

મેઝીની કહે છે કે " ઐતિહાસિક ઘટનાઓમાં મેં અત્યાર સુધીમાં એક પણ એવું ઉદાહરણ નથી જોયું કે ધર્મની અંદર દઢ વિશ્વાસ રાખ્યા વગર કોઇપણ માણસે કોઇ માનવ–આત્મા ઉપર વિજય મેળવ્યો હોય અથવા કોઇ મુખ્ય માર્ગમાં સફલતા મેળવી હોય. માનવ–સમાજની પૂર્ણતા તરફ લઇ જનાર મનુષ્ય ગમે તેટલું નિષ્ઠુર નિયંત્રણ મુકે તો પણ તે કોઇને પોતાને વશ નથી કરી શકતો. કોઇનાં હૃદયને નથી જીતી શકતો. તેવો માણસ અત્યાચારી થઇ શકે છે, પરંતુ શિક્ષા પ્રચારક અથવા ધર્મોપદેષ્ટા નથી થઇ શકતો. "

હૃદય–સ્પર્શી ધર્મના અભાવે કોઇપણ સંપ્રદાય પોતાના સત્વ, સત્ય તેમજ સત્તા સ્થિર નથી રાખી શકતો. ભૌતિકવાદની પરીક્ષા થઇ ચુકી અને તે પરીક્ષામાં અનુતીર્ણ થઇ ગયો. કેમકે વ્યકિતવાદ–સ્વાર્થના નિર્જીવ સિદ્ધાન્તથી ધીમે ધીમે ઉચ્ચ વિચારો તથા જીવનની પ્રજવલિત શિખાઓ બુઝાઇ ગઇ અને સ્વતંત્ર જીવનની જ્યોતિ ઠંડી પડી ગઇ, તેણે સૌથી પહેલાં મનુષ્યોને ઇશ્વરોપાસનાથી દૂર હઠાવીને કેવળ સફલતાની ઉપાસનામાં નિમગ્ન કરી મુકયા.

આપણા જે પ્રાચીન ઋષિમુનિઓની ચક્રવર્તી મહારાજાઓના મુકુટોથી પૂજા થતી હતી, જે રૂષિઓના પ્રખર તેજથી પ્રબલ પરાક્રમી ચક્રવર્તી રાજાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠરી જતા હતા એ રૂષિઓનું લક્ષ્ય શું ભૌતિક પદાર્થોમાં હતું ? ભૌતિકવાદથી કોઇપણ દેશનો ઉદ્ધાર નથી થઈ શકતો. ભૌતિકવાદે પાશ્ચાત્ય દેશોમાં કેવળ યુદ્ધ, ગૃહકલહ અને ગુલામીના બંધન વિગેરે વિનાશકારી વસ્તુઓનો ફેલાવો કર્યો જેને પરિણામે ત્યાંના લોકો આજે રોઈ રહ્યા છે. આપણા દેશમાં કે જ્યાં અત્યારે એક પ્રકારના ભૌતિકવાદની શરૂઆત જણાય છે ત્યાં સાંપ્રદાયિક તેમજ ગૃહકલહ, આપત્તિ વિપત્તિ અને ગુલામી ફેલાવાના ચિહ્નો પણ દૃષ્ટિગોચર થઇ રહ્યા છે. ભૌતિકવાદથી ભારતવર્ષનું કદિ કલ્યાણ નહિ થઇ શકે. અહિં આ તો આધ્યાત્મિક બળની જ આવશ્યકતા છે અને આપણે એ બળ ઉપર ઝઝુમીને જ છેવટે મુકિત પ્રાપ્ત કરી શકશું.

ભૌતિકવાદી નેતાને હવે ધીમે ધીમે અનુભવ થવા વાગ્યો છે કે તેઓ લક્ષ્યથી ઘણા દૂર નીકળી ગયા છે અને હવે અટકવાની જરૂર છે. પરિણામે આંતર રાષ્ટ્રિય સંઘની સ્થાપના થઇ છે, જગતમાં શાંતિ સંસ્થાપન અને નિરસ્ત્રીકરણના પ્રશ્નો ઉભા થયા છે, છતાં પણ સફ્લતા નથી મળી તો તેનું કારણ શોધવા દૂર નહિ જવું પડે. આજે ભૌતિકવાદના ભયંકર ઉંડા સાગરમાં તેઓની જીવનતરણી ડામાડોળ થઈ રહી છે તો તેનું એક માત્ર કારણ એ છે કે તેઓની પાસે કોઇ કુશળ આધ્યાત્મિક કર્ણધાર નથી. ( ચાલુ ).

## સ્વીકાર અને સમાલોચના.

**શ્રી યશોવિજયજી જૈનગુરૂકુળ-પાલીતાણા**—નો સં. ૧૯૮૫ ની સાલનો રીપોર્ટ તથા હિસાબ અમોને અભિપ્રાય માટે મળ્યો છે. દિવસાનુદિવસ પ્રગતિ કરતી, જૈન બાળકોની સંખ્યામાં અભિવૃદ્ધિ કરતી, બ્યવહારિક ધાર્મિક શિક્ષણમાં આગળ વધતી, આશ્રયદાતાને સંતોષ આપતી, જૈન સમાજમાં ક્રમે ક્રમે અગ્ર સ્થાને પહોંચતી, બ્યવસ્થાપૂર્વક કાર્ય કરવામાં કુશળતા ધરાવતી આ સંસ્થાનો ગઇ સાલનો વિસ્તારપૂર્વક હેવાલ અને કાર્ય બ્યવસ્થા અને આવક જાવકનો હિસાબ આ રીપોર્ટમાં આપવામાં આવેલ છે. આ સંસ્થામાં માનસિક, ( સ્કુલની ) શારીરિક અને અધ્યાત્મિક ત્રણ પ્રકારની કેળવણી સાથે આપવામાં આવે છે. બોર્ડીંગ સાથે ( વિદ્યાર્થીનું પોષણ ) વ્યવહારિક અને ધાર્મિક શિક્ષણ માટે વિદ્યાલય અને વ્યાયામશાળા સાથે શિક્ષણ આપતી જૈનમાં આ એક પ્રથમ સંસ્થા છે. સાથે પુસ્તકાલય અને દવાખાનું પણ છે જેનો લાભ સાર્વજનિક પણ લેવાય છે. મુકરર ભોજન માટે તીથીઓ, સ્વામીવાત્સલ્ય ફંડ વગેરે માટેની યોજના આવકારદાયક છે, અને તેથીજ તેવી બીજી સંસ્થાઓ તેનું અનુકરણ કરે છે તે સ્વાભાવિક છે. આ ફંડ માટે તેમજ કાર્યવાહી માટે મુંબઇની કમીટી અને કાર્યવાહકોનો પ્રયત્ન, ખંત અને લાગણી તેમજ સ્થાનિક કમીટીની સંપૂર્ણ દેખરેખ માટે આપતા ભોગ માટે ધન્યવાદને પાત્ર છે. આવી વ્યવસ્થાવાળી સંસ્થાની જરૂરીયાતો હજી પણ જૈન સમાજ તરફથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરી ન પડે અને તેની કમીટીને તે માટે પણ ઓછી વધતી ફીકર રહ્યા કરે તે ઇચ્છવા જોગ નથી જેથી જૈન સમાજે તેને દરેક પ્રકારનો સહાય આપી તેની પ્રગતિમાં વિશેષ વૃદ્ધિ કરવી જોઇએ. શ્રાવકક્ષેત્રની પુષ્ટિ પણ આ પ્રકારે પણ થઇ શકે છે. આખો રીપોર્ટ વાંચતા તેની કાર્યવાહી, આવક જાવક, હિસાબ તદન વ્યવસ્થીત અને ચોખવટવાળો છે અમે તેની ભવિષ્યમાં આબાદિ ઇચ્છીએ છીએ.

---

**શ્રી ભીલડીયાજી જૈન તીર્થ** અને નરજીવનના નિરીક્ષણાદિ–લેખક મુનિ મહારાજ **શ્રી સિદ્ધિમુનિજી**–પ્રકાશક.–**શ્રી મોહનલાલજી જૈન લાઇબ્રેરી**–અમદાવાદ.—આ લઘુ બુકમાં લેખક મુનિ મહારાજે આ તીર્થનો ઇતિહાસ આપ્યો છે, જે વાંચવા જેવો છે. હિંદમાં ઘણા પ્રાચીન તીર્થો હજી અંધારામાં છે તેને ઇતિહાસિક હકીકત સાથે બહાર લાવવાની જરૂર છે અને આવા પ્રાચીન તીર્થોના ઇતિહાસો પુસ્તક રૂપે ઐતિહાસિક દૃષ્ટિએ પ્રકટ કરવાથી એક ઇતિહાસિક સંકલના તૈયાર થાય તેવું છે અને તેથી જૈનધર્મની સનાતનતા માટે ઘણું જ ઉપયોગી સાહિત્ય બનશે. કોઇપણ સંસ્થા કે જૈન ગૃહસ્થે તે માટે પ્રયત્નો કરવા જરૂર છે. નરજીવનનાં નિરીક્ષણા અધ્યાત્મીક પદો તથા શ્રી યશોવિજયજી ગણીકૃત અધ્યાત્મોપનિષદ્ ગ્રંથ કવિતા રૂપે આ ગ્રંથમાં દાખલ કરેલ છે જે આત્મવિચારણા માટે બાળ જીવો માટે યોગ્ય છે.—મળવાનું ઠેકાણું પ્રકાશકને ત્યાં.

---

# પન્યાસજી મહારાજશ્રી મોતીવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

પન્યાસજી મહારાજ શ્રી મોતીવિજયજી મહારાજ સુમારે વીશ દિવસની બિમારી ભોગવી સીહોર ગામમાં ભાદરવા શુદ ૧૧ ના રોજ પંચત્વ પામ્યા છે. મહારાજશ્રીનો ત્રીશ વર્ષનો દીક્ષા પર્યાય હતો અને તેઓશ્રી ચારિત્ર પાત્ર એક મુનિરત્ન હતા. પોતાની વિહાર દરમ્યાન જ્યાં જ્યાં ધાર્મિક વહીવટમાં ગોટાળો કે અવ્યવસ્થિતપણું દેખાતું ત્યાં ત્યાં પોતે પ્રયત્ન કરતાં અને તેમના ચારિત્રના પ્રભાવે વહીવટની ચોખવટો પણ થતી. ધાર્મિક બાબતમાં કોઇની શરમ રાખ્યા વગર જેવું હોય તેવું સ્પષ્ટ રીતે જણાવતાં હતાં. તેઓશ્રીના સ્વર્ગવાસથી એક ચારિત્રધારી મુનિશ્રીની ખોટ પડી છે તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીએ છીએ.

# શેઠ ફતેચંદ ખીમજીભાઇનો સ્વર્ગવાસ.

કચ્છ–મુદ્રાનિવાસી બંધુ ફતેચંદ ખીમજીભાઇ માત્ર થોડા વખતની બિમારી ભોગવી પોતાના વતન સ્વર્ગવાસ પામ્યા છે. ફતેહચંદભાઇ દેવગુરૂ ધર્મના ઉપાસક અને શ્રદ્ધાળુ ધર્મપ્રેમી હોવા સાથે માયાળુ, મિલનસાર હતા. તેઓ આ સભા ઉપર પ્રેમ ધરાવતા હતા અને કાર્યવાહીથી સંતોષ પામી સભાસદ થયા હતા. તેમના સ્વર્ગવાસથી એક લાયક સભાસદની ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી નવપદજી આરાધનાના જીજ્ઞાસુઓને

# —:: અમૂલ્ય લાભ ::—

**શ્રી નવપદજીની પૂજા ( અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત. )**

પ્રભુભક્તિમાં તલ્લીન થઇ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે, પૂર્વાચાર્ય પ્રણીત પૂજાઓ એક વિશિષ્ટ કારણ છે, એવા હેતુથીજ શ્રીમદ્ યશોવિજયજી મહારાજ કૃત નવપદજીની પૂજા, અમોએ તેના ભાવાર્થ, વિશેષાર્થ અને નોટ સાથે તૈયાર કરી પ્રગટ કરેલ છે. સાથે શ્રી નવપદજીનું મંડલ તે તે પદોના વર્ણ–રંગ અને તેની સાથે, વિવિધ રંગ અને સાચી સોનેરી શાહીની વેલ વગેરેથી તથા શ્રી નવપદજીનો યંત્ર કે જે આયંબીલ–ઓળી કરનારને પૂજન કરવા માટે ઉપયોગી છે, તે બંને છબીઓ ઉંચા આર્ટ-પેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણા સુંદર સુશોભીત અને મનોહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન કેમ થાય, તેની સંપૂર્ણ ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ અને સાથે શ્રીમાન્પદ્મવિજયજી મહારાજ અને શ્રીમાન્ આત્મારામજી મહારાજ કૃત નવપદજી પૂજાઓ દાખલ કરેલ છે. ઉંચા એન્ટ્રીક પેપર ઉપર ગુજરાતી સુંદર જૂદા જૂદા ટાઇપોથી છપાવી ઉંચા કપડાના બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. આ ગ્રંથનું નામજ જ્યાં પવિત્ર અને પ્રાતઃસ્મરણીય છે ત્યાં તેની ઉપયોગીતા અને આરાધના માટે તો કહેવુંજ શું ! શ્રી નવપદજી આરાધનના જીજ્ઞાસુ અને ખપી માટે આ એક ઉત્તમ કૃતિ છે, અને તેમાં ગુરૂમહારાજ, નવપદજી મહારાજનું મંડલ અને યંત્ર આ બુકમાં દાખલ કરેલ હોઇ આ ગ્રંથ વાંચનારને તેની અપૂર્વ રચના જણાયા સિવાય રહે તેવું નથી. આ માટે વધારે લખવા કરતાં તેનો ઉપયોગ કરવા નમ્ર સૂચના કરીયે છીયે. કિંમત રૂા. ૧–૪–૦ પોસ્ટેજ જુદું.

સિવાય શ્રી નવપદજી મહારાજનું મંડલ કે જે ઉપર જણાવ્યા પ્રમાણે વિવિધ રંગો અને સોનેરી શાહીથી ઘણુંજ સુંદર ઉંચા આર્ટપેપર ઉપર છપાવેલ છે તે તથા શ્રી સિદ્ધચક્રજી મહારાજનો યંત્ર કે જે દર્શન, પૂજન માટે બંને ઘણી ઉપયોગી વસ્તુઓ હોવાથી આ બુકમાં દાખલ કરવા ઉપરાંત છુટી કોપીયો પણ તેના ખપી માટે વધારે તૈયાર કરાવી છે.

**શ્રી નવપદજીનો યંત્ર ચાર આના—શ્રી સિદ્ધચક્રજીનો યંત્ર બે આના—** પોસ્ટેજ જુદું. આ બંને પ્રાતઃકાળમાં ઉઠતાં દર્શન માટે ખાસ ઉપાયોગી ચીજો છે. માત્ર ઘણીજ થોડી નકલો છે જેથી જલદી મંગાવો.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

શ્રી આત્માનંદ પ્રકાશ

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૨૮ મું. વીર સં. ૨૪૫૬ ભાદ્રપદ. આત્મ સં. ૩૫. અંક ૨ જો.

# દિવાળી કે હોળી.

"જીવનમાં દિવાળીના દિવસો આવે છે, તેમ હોળીના દિવસો પણ આવે છે; આનંદના દિવસો હોય છે, તેમ શોકના પણ હોય છે. કેટલીક વાર હોળી પછી તરત જ દીવાળી આવે છે અને કેટલીક વાર દીવાળી પછી તરત જ હોળી આવે છે. કુદરતમાં તો દીવાળી પછી ચાર માસે હોળી આવે છે અને હોળી પછી આઠ માસે દિવાળી આવે છે. પણ જીવનમાં તો દીવાળી કે હોળી આવતાં વાર લાગતી નથી. અને હોળી તો ઘણીવાર આવે છે. કોઇ નજીવો બનાવ દિવસને દીવાળી જેવો કે હોળી જેવો બનાવી દે છે. તે બનાવ કાં તો દુઃખના દરિયામાં ધકેલે છે કે પર્વતના શિખરે પહોંચાડે છે કોઇક દિવસ આનંદમાં વસવું ઘણું રહેલું લાગે છે, ત્યારે વળી બીજા કોઇ દિવસે બહુ શ્રમ કરવા છતાં પણ ચિંતા આપણને છોડતી નથી. કેટલીકવાર દુઃખ નજીવું હોય, પણ તેનો વિચાર કરી કરીને આપણે તેને વધારીએ છીએ. હોળીના દિવસોમાં દીવાળીને જોવી એ કામ ઘણું કઠણ છે, પણ જો મનુષ્ય વિચારશીલ હોય તો દુઃખના વાદળમાં પણ વીજળીની ચળકતી રેખા જોઇ શકે. કોઇ પણ રાત્રિ એવી કાળી નથી કે જ્યાં એક પણ તારો ચળકતો ન હોય. દરેક દુઃખ કે પ્રતિકૂળ પ્રસંગની પાછળ અમુક હેતુ રહેલો છે, તે હેતુ માણસને અમુક પાઠ શીખવવાનો છે. તે હેતુ જો આપણે સમજીયે તો દુઃખ કે પ્રતિકૂળ પ્રસંગ પણ આપણો ગુરૂ બને છે અને અનુભવ આપી આપણાં જીવનને વિકસાવે છે. ખરા કે કલ્પિત કોઇ કારણને લીધે હોળીના દિવસનો આરંભ થાય, પણ જો આપણામાં ખરી ધાર્મિકતા હોય અને આપણાં તત્વજ્ઞાનમાં આપણને શ્રદ્ધા હોય તો તે દિવસનો અંત દિવાળીમાં આવવો જ જોઇએ. આપણી પાસે શું છે, તેનો આનંદ અનુભવવાને બદલે આપણને શું મળ્યું નથી તેનો આપણે વધારે વિચાર કરીએ છીએ અને આ રીતે આપણને ચારે બાજુએ દુઃખ જ જણાય છે."

* * * * * *

દીવાળી–આનંદ એ આત્માનો સ્વભાવ છે અને તેવો સ્વભાવ ખીલવવો એ આપણું કર્તવ્ય છે. કોઇ પ્રસંગમાં દીવાળી કે હોળી ઉત્પન્ન કરવાનું બળ નથી. આપણી મનોદશા તે પ્રસંગને આનંદજનક કે શોકજનક બનાવે છે. જે સમયે મન બહારના પ્રસંગોની કિંમત ઓછી આંકતાં શીખ્યું અને તે પ્રસંગોને અનુભવ લેવાના સાધન તરીકે વાપરતાં શીખ્યું પણ તેનાથી બંધાતું બંધ થયું તે સમયે બધા દિવસો દિવાળીમય થઇ જશે. કારણ કે અંદરની ઉચ્ચ મનોદશા જ્યાં ત્યાં પ્રકાશ નાંખી વાદળને પ્રકાશિત બનાવશે માટે ખરો ફેરફાર બહારના પ્રસંગોમાં નહિ, પણ આપણાં મનમાં તથા હૃદયમાં કરવાનો છે.

For Private And Personal Use Only